# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અસમમાં અત્યાધુનિક લચિત બરફૂકન પોલીસ એકેડેમીનું ઉદ્ઘાટન કર્યું.

2) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ તમિલનાડુમાં ઝેટવર્ક ઇલેક્ટ્રોનિક્સના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કરશે

3) સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનો પાકિસ્તાનને કડક જવાબ - 'કાશ્મીર અંગે ફરિયાદ કરવાથી સરહદ પારના આતંકવાદને યોગ્ય ઠેરવી શકાય નહીં'.

4) જમ્મુ-કાશ્મીરમાં, આગામી 24 કલાક દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

5) મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ફાઇનલમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો

........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT-SHAH--ASSAM--MIZORAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અસમમાં અત્યાધુનિક લચિત બરફૂકન પોલીસ એકેડેમીનું ઉદ્ઘાટન કર્યું તેમણે પોલીસ એકેડેમી રહેણાંક પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમા અને કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ પણ ઉપસ્થિત રહ્યાં.

ગૃહમંત્રી આજે મિઝોરમની મુલાકાત લેશે અને અસમ રાઇફલ્સ બેઝને આઈઝોલથી ઝોખાવસાંગ ખસેડવાના સમારોહમાં હાજરી આપશે.

શ્રી શાહ આવતીકાલે કોકરાઝાર જિલ્લાના દોત્મા ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી સંઘના વાર્ષિક સમારોહને સંબોધિત કરશે અને ત્યારબાદ ગુવાહાટીમાં પૂર્વોત્તર ક્ષેત્રના આઠ મુખ્યમંત્રીઓ સાથે પૂર્વોત્તરમાં નવા ફોજદારી કાયદાઓના અમલીકરણની સમીક્ષા કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## ASHWINI VAISHNAV - TAMIL NADU VISIT

**કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે તમિલનાડુના શ્રીપેરુમ્બુદુર ખાતે ઝેટવર્ક ઇલેક્ટ્રોનિક્સના નવા કેમ્પસનું ઉદ્ઘાટન કરશે અને IIT મદ્રાસના કેટલાક વિકાસ પ્રોજેક્ટ્સની સમીક્ષા પણ કરશે.**

**તેઓ થાઇયુરની પણ મુલાકાત લેશે જ્યાં હાઇપરલૂપ ટ્રેન પ્રોજેક્ટનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. બાદમાં સાંજે તેઓ અદ્યાર ખાતે IIT મદ્રાસ કેમ્પસની અને સેન્ટર ફોર ઇનોવેશનની મુલાકાત લેશે. તેઓ રિડ્યુસ્ડ ઇન્સ્ટ્રક્શન સેટ કમ્પ્યુટર**

**સેન્ટરની પણ મુલાકાત કરશે, જે ડિજિટલ ઇન્ડિયાના વિઝન સાથે સુસંગત છે અને IIT ખાતે ભારતના સેમિકન્ડક્ટર મિશનનો મુખ્ય આધારસ્તંભ છે.**

. . . . . . . . . . . . . . .

# MAHA- MPSC

મહારાષ્ટ્ર જાહેર સેવા આયોગ-MPSC દ્વારા લેવાતી તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ મરાઠીમાં લેવાશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય વિધાન પરિષદમાં શિવસેના (UBT) ના ધારાસભ્ય મિલિંદ નાર્વેકરે ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં આ જાહેરાત કરી. પ્રશ્નનો જવાબ આપતા મુખ્યમંત્રીએ કહ્યું MPSC પરીક્ષાઓ પહેલાથી જ મરાઠી અને અંગ્રેજી બંને ભાષામાં લેવામાં આવે છે. જોકે, અદાલતે અગાઉ ચુકાદો આપ્યો હતો કે કેટલીક પરીક્ષાઓ, ખાસ કરીને કૃષિ ઇજનેરી સંબંધિત પરીક્ષાઓ, ફક્ત અંગ્રેજીમાં જ લેવી જોઈએ. આ નિર્ણય આ વિષયો માટે મરાઠીમાં પાઠ્યપુસ્તકોની ઉપલબ્ધતાના આધારે લેવામાં આવ્યો હતો. જો કે, આ બાબતની ચર્ચા કર્યા પછી, મહારાષ્ટ્ર સરકારે નિર્દેશ કર્યો કે નવી શિક્ષણ નીતિ મુજબ, નવા પાઠ્યપુસ્તકો મરાઠીમાં બનાવવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 માર્ચે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની ૧૨૦મી કડી હશે. લોકો ટોલ-ફ્રી નંબર ૧૮૦૦-૧૧-૭૮૦૦ દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov Open Forum. ફોરમ દ્વારા પોતાના અભિપ્રાય રજૂ કરી શકે છે.

આગામી કડી માટે સૂચનો 28 માર્ચ સુધી મોકલી શકાશે. આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને NewsOnAir મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. તે AIR ન્યૂઝ, DD ન્યૂઝ, PMO અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ પછી તરત જ આકાશવાણી આ કાર્યક્રમને પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારિત કરશે.

. . . . . . . . . . . . . . .

# ED RAIDS

છત્તીસગઢમાં દારૂ કૌભાંડ કેસમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલ આજે ઈડી સમક્ષ હાજર થશે.

**ઉલ્લેખનીય છે કે ગત 10 મી માર્ચે ઇડીએ 2 હજાર 161 કરોડ રૂપિયાના કથિત દારૂ કૌભાંડ અને મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં ચૈતન્ય બઘેલના નિવાસસ્થાન સહિત રાજ્યભરમાં દરોડા પાડ્યા હતા.**

**ઇડીના મતે ચૈતન્ય બઘેલ આ કૌભાંડમાંથી મળેલી રકમના સંભવિત લાભાર્થીઓમાંનો એક છે. આ કેસમાં અગાઉ ભૂતપૂર્વ IAS અનિલ તુટેજા, રાયપુરના મેયર એજાઝ ઢેબરના ભાઈ અનવર ઢેબર અને અન્ય ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે.**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# UN- INDIA PAKISTAN

**સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે પાકિસ્તાનને કડક જવાબ આપતા કહ્યું, 'કાશ્મીર અંગે ફરિયાદ કરવાથી સરહદ પારના આતંકવાદને યોગ્ય ઠેરવી શકાય નહીં'. પાકિસ્તાનની માનસિકતાની નિંદા કરતા, ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે**

જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીર મુદ્દાને ઉઠાવવાથી સરહદ પારના આતંકવાદને ન્યાયી ઠેરવી શકાય નહીં અથવા આ ક્ષેત્ર ભારતના અભિન્ન અંગ હોવાની વાસ્તવિકતા બદલી શકાય નહીં.

ગઈકાલે આંતરરાષ્ટ્રીય ઇસ્લામોફોબિયા સામે લડવા માટેના દિવસ નિમિત્તે મહાસભાની અનૌપચારિક બેઠક દરમિયાન પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ સચિવ તેહમીના જંજુઆએ કાશ્મીર મુદ્દો ઉઠાવ્યો તેના પર તેઓ પ્રતિક્રિયા આપી રહ્યા હતા. શ્રી હરીશે કહ્યું, "તેમની આદત મુજબ, પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ સચિવે આજે ભારતીય કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનો અયોગ્ય ઉલ્લેખ કર્યો." પાકિસ્તાન અંગે તેમણે કહ્યું, "આ દેશની કટ્ટરવાદી માનસિકતા અને ઉગ્રવાદનો રેકોર્ડ જાણીતો છે."

તેમણે કહ્યું, "આવા પ્રયાસો એ વાસ્તવિકતા બદલશે નહીં કે જમ્મુ અને કાશ્મીર ભારતનો અભિન્ન ભાગ હતો, છે અને હંમેશા રહેશે."

. . . . . . . . . . . . . . .

## CONSUMER-RIGHTS-DAY

આજે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ છે. આ દિવસ દર વર્ષે 15 માર્ચે ગ્રાહકનાં અધિકારો અને તેમના રક્ષણની જરૂરિયાતની યાદ અપાવવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસ બધા ગ્રાહકોના મૂળભૂત અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેમને તે અધિકારોનું સન્માન અને રક્ષણ કરવા પ્રોત્સાહિત કરવાનો

પણ એક અવસર પૂરો પાડે છે. અમારા સંવાદદાતા જણાવે છે કે વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ 2025 ની થીમ છે - ટકાઉ જીવનશૈલી માટે ન્યાયોચિત પરિવર્તન

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ.....

(વોઈસકાસ્ટ – દિપેન્દ્ર કુમાર, આકાશવાણી, દિલ્હી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# J&K- YELLOW ALERT

હવામાન વિભાગે જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં, આગામી 24 કલાક દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે, સાથે છૂટાછવાયા વિસ્તારોમાં બરફવર્ષા પણ થશે. હવામાન વિભાગે દ્વારા જમ્મુ અને કાશ્મીરમાં છૂટાછવાયા બરફ અને વીજળી પડવા અંગે ચેતવણી આપતા "યલો એલર્ટ" જાહેર કરાયું છે.

હવામાન વિભાગે, પ્રવાસીઓ અને પરિવહનકારોને વહીવટીતંત્ર અને ટ્રાફિક સૂચનાનું પાલન કરવા સલાહ આપી છે. જ્યારે ખેડૂતોને 16 માર્ચ સુધી ખેતીની કામગીરી સ્થગિત રાખવા સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

**WPL**

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટની ફાઇનલમાં આજે મુંબઈ ઇન્ડિયન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આ મેચ મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

મેગ લેનિંગની કેપ્ટનશીપ હેઠળ, દિલ્હી કેપિટલ્સે આઠમાંથી પાંચ મેચ જીતી છે. દિલ્હી કેપિટલ્સે પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન મેળવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ દિલ્હી કેપિટલ્સનો સતત ત્રીજો ફાઇનલ મુકાબલો છે. ટીમ હજુ સુધી ચેમ્પિયનશિપ જીતી શકી નથી.

આ અંગે સાંભળીએ એક અહેવાલ......

(વોઈસકાસ્ટ--નેહા ગોસ્વામી)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PUNJAB POLICE ARREST

પંજાબ પોલીસે પાકિસ્તાન સ્થિત ISIના આતંકવાદી હરવિંદર સિંહ રિંદા સાથે જોડાયેલા ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેમાંથી બે મહારાષ્ટ્રના અને એક પંજાબનો રહેવાસી છે. પોલીસે તેમની પાસેથી હથિયારો પણ જપ્ત કર્યા છે.

પંજાબ પોલીસના મહાનિર્દેશકે જણાવ્યા પ્રમાણે ધરપકડ કરાયેલામાંથી એક જગજીતે 10 ફેબ્રુઆરીએ નાંદેડમાં થયેલી હત્યામાં સામેલ શૂટરો માટે રાશન, સલામત આશ્રય અને સંકલનની સુવિધા આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેનું કાવતરું રિંદાએ સરહદ પારથી ઘડ્યું હતું.

. . . . . . . . . . . . . . .